અપીલ અરજી નં.૨૫૫તા .૧૨–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન દેસાઈની તા.૬–૮–૧૧ની અરજીથી રહેઠાણવાળી મિલ્કતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી ઘ.નં.૬/૬૬૧–૬૨ વાળી મિલ્કતના માલીકે મોતી પાવરથી ચાલતી હેવી જરી ટીવસ્ટીગ મશીનો નાંખી કારખાના ચાલું કરતા આજુબાજુની મિલ્કતોમાં અવાજ ધ્રુજારી આવતી હોય તે બાબતે આજુબાજુના રહેવાસીઓએ સુ.મ.ન.પા.ના કમિશ્નરને તા. ૧૧–૩–૧૧ના રોજ વિગતવાર અરજી કારખાના બંધ કરાવવા માટે અરજી કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં સંબંધિત વિભાગના અધિકારીઓએ તેમજ કર્મચારીઓએ સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ અધિકારી તેમજ કર્મચારીએ ઉપલા અધિકારીને શું રીપોર્ટ કરવામાં આવ્યો, ત્યારબાદ ઉપલા અધિકારીએ જરી હેવી ટીવસ્ટીગ મશીનો બંધ કરાવવા માટે બી.પી.એમ.સી. એકટની કઈ કલમ મુજબ નોટીસ આપવામાં આવી, ત્યારબાદ કઈ તારીખે કારખાનું બંધ કરાવવા માટે સીલ મારવામાં આવ્યું, ત્યારબાદ ઘ.નં.૬/૬૬૧–૬૨ વાળી મિલ્કતના માલીકે સીલ ખોલાવવા માટે સુ.મ.ન.પા.ને કયા પ્રકારની બાંહેધરી લખી આપવામાં આવેલ તે તમામ સહી સિકકાવાળી નકલ ફાળવવી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૫/ ૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન દેસાઈની તા.૬–૮–૧૧ની અરજીથી રહેઠાણવાળી મિલ્કતનો ઉપયોગ રહેઠાણમાં ન કરી ઘ.નં.૬/૬૬૧–૬૨ વાળી મિલ્કતના માલીકે મોતી પાવરથી ચાલતી હેવી જરી ટીવસ્ટીગ મશીનો નાંખી કારખાના ચાલું કરતા આજુબાજુની મિલ્કતોમાં અવાજ ધ્રુજારી આવતી હોય તે બાબતે આજુબાજુના રહેવાસીઓએ સુ.મ.ન.પા.ના કમિશ્નરને તા. ૧૧–૩–૧૧ના રોજ વિગતવાર અરજી કારખાના બંધ કરાવવા માટે અરજી કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં સંબંધિત વિભાગના અધિકારીઓએ તેમજ કર્મચારીઓએ સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી અને સ્થળ તપાસ અધિકારી તેમજ કર્મચારીએ ઉપલા અધિકારીને શું રીપોર્ટ કરવામાં આવ્યો, ત્યારબાદ ઉપલા અધિકારીએ જરી હેવી ટીવસ્ટીગ મશીનો બંધ કરાવવા માટે બી.પી.એમ.સી. એકટની કઈ કલમ મુજબ નોટીસ આપવામાં આવી, ત્યારબાદ કઈ તારીખે કારખાનું બંધ કરાવવા માટે સીલ મારવામાં આવ્યું, ત્યારબાદ ઘ.નં.૬/૬૬૧–૬૨ વાળી મિલ્કતના માલીકે સીલ ખોલાવવા માટે સુ.મ.ન.પા.ને કયા પ્રકારની બાંહેધરી લખી આપવામાં આવેલ તે તમામ સહી સિકકાવાળી નકલ ફાળવવી વિ. માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા નિર્દિષ્ટ અરજી અંગે થયેલ કાર્યવાહી, નહીં થયેલ કાર્યવાહી– કાનુની જોગવાઈ સહ દફતરી વિગતો મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૧ તા.૨૬–૯–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ કર્યા બાદ અને અપીલીય કાર્યવાહી દરમ્યાન પ્રત્યુત્તર મળે તો નારાજગીના કારણો સહ આધાર સહિત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૯–૯–૧૧ નો પત્ર , અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૪૧ તા.૧૫–૯–૧૧ નો પત્ર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરોગ્ય.સેની/૧૮૭ તા.૨૩–૩–૧૧ ના પત્રની નકલ, વન અને પર્યાવરણ વિભાગનો પત્ર ક્રમાંક ઈએનવી/૧૦૨૦૧૦–૧૦૨૭–ઈ તા.૧૮–૧૧–૧૦ ના પત્રની નકલ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનો તા.૧૩–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને તેમની તા.૧–૮–૧૧ ની અરજી બાબતે આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૧ તા.૧૧–૮–૧૧ ના પત્રની નકલ, અરજદારને તે અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૪ તા.૨૪–૮–૧૧ ના પત્રની નકલ, યુઝઝોન ટેબલની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૬–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ માહિતી ન મળતાં અરજદારે તા.૧૨–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી પૂરી પાડેલ વિગતોમાં અપીલ તબકકે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૦૪૧ તા.૧૫–૯–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેની નકલ અત્રે પણ પાઠવવામાં આવેલ છે.

જે મુજબ ઘ. નં.૬/૬૬૧–૬૨ વાળી મિલ્કતમાં ચાલતા જરી ટીવસ્ટીંગ મશીનો બાબતે મે. કમિ.શ્રીને ઉદ્દેશીને કરેલ અરજી બાબતે સેન્ટ્રલઝોનના આરોગ્ય વિભાગના નિરીક્ષકશ્રીના રીપોર્ટ તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સહીથી પ્રાદેશિક અધિકારીશ્રી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને લખેલ પત્રની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. જે અંગેના સે.ઝોન/ આરોગ્ય.સેની./આ.નં.૧૮૭ તા.૨૩–૩–૧૧ ના પત્રની નકલ પણ રજૂ કરેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી (૧) જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ તરફથી મને જણાવવામાં આવેલ કે મે જે માહિતી માંગેલ તે માહિતી પ્રાદેશિક અધિકારી પોલ્યુશન બોર્ડ સુરત વિભાગને સે.ઝોન/ આરોગ્ય.સેની/આ.નં.૧૮૭ તા.૨૩–૩–૧૧ થી રવાના કરવામાં આવેલ છે. તેવો પત્ર માહિતી સાથે મોકલવામાં આવેલ છે જે ખોટુ છે કેમકે ગુજરાત પોલ્યુશન બોર્ડ ગાંધીનગરના સભ્ય સચિવશ્રી તરફથી તા.૧૩–૧૨–૧૦ ના પત્ર પ્રજાસકે/૨૦૧૦ જન.૭૫/૬૫૩૯૨ ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે સુમનપાને લગતી ફરીયાદનો નિકાલ સુમનપાએ જ કરવાનો હોય છે નહીં કે પોલ્યુશન બોર્ડ, ગાંધીનગર તેમજ સુરત વિભાગની ઓફિસે કરવાનો હોય છે જે પત્ર રજૂ કરુ છું જે ધ્યાનમાં લેવા વિનંતી. અરજદારની જરી ઉદ્યોગ પ્રદુષણ બાબતે વન અને પર્યાવરણ વિભાગને કરેલ રજૂઆત બાબતે વન અને પર્યાવરણ વિભાગે સભ્ય સચિવશ્રી ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડને પત્ર પાઠવેલ પત્રની વિગત જોતાં સભ્ય સચિવે તેમની ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડની કચેરીને મહાનગપાલિકાની સ્પર્શતી રજૂઆત સબંધિત મહાનગપાલિકાઓને મોકલવા બાબતે જણાવેલ છે. તેનો અર્થ ગુજરાત પોલ્યુશન નિયંત્રણ બોર્ડની સરકારી ખાતા સાથે તેમના પત્ર બાબતે પત્ર વ્યવહાર ન કરવો તેવો થાય નહીં. વધુમાં તેમનો પત્ર ફરીયાદના નિકાલ માટે નહીં પરંતુ પ્રદુષણની થતી માત્રાના અભિપ્રાય અંગે પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી તા.૧૧–૮–૧૧ ના રોજ સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮૦૧ માં જણાવવામાં આવેલ છે કે પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ–૩ ની ઝોનીંગ અને યુઝ પ્રોવીઝનની જોગવાઈ યુઝઝોન ટેબલ ક્રમાંક –૧–૨–૩ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની સુમપાએ રહે છે જે નકલ સામેલ છે. જેમાં જણાવવામાં આવેલ છે કે રહેઠાણવાળા વિસ્તારમાં પાવરથી ચાલતી મશીનરીઓ નાંખી કોઈ પણ નાગરિક કારખાનુ ચાલુ કરી શકતા નથી. જે ચોખ્ખું લખેલ છે જે ધ્યાનમાં લેવા વિનંતી. આમ જે અરજી કરેલ ત્યાર બાદ જે માહિતી માંગેલ તે મુજબ કાર્યવાહી કરવાની જવાબદારી સુમપાની આવતી હોય તેમ છતાં ખોટી રીતે અરજી પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સુરત વિભાગને અરજી રવાના કરવામાં આવેલ છે. તેમજ મને માહિતી પણ અધૂરી આપવામાં આવેલ છે. અધિકારી તેમજ કર્મચારીઓ શું શું તપાસ સ્થળ પર કરવામાં આવી તેની નકલ તેમજ કોઈ જ જાણકારી મને આપવામાં આવેલ નથી. શા માટે? તેમજ બીપીએમસી એકટ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેની પણ કોઈ જ જાણકારી મને આપવામાં આવેલ નથી. જે બાબતે અરજદારે કાર્યપ્રણાલિકા બાબતેની રજૂઆત કરેલ છે. પરંતુ તેમની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ કરેલ કાર્યવાહીની માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે કાર્યવાહી થયેલી માહિતી અરજદારને ન મળી હોય કે તે અંગે નારાજગી હોય તેવી રજૂઆત કરવાની રહે. તેની જગ્યાએ કાર્ય પ્રણાલિકાની રજૂઆત કરી માહિતી ખોટી હોવાનો દાવો કરેલ છે. માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની જોગવાઈ અંર્તગત વિવાદી કોઈ ચોકકસ કાર્યવાહી કરવાની માંગણી ન કરી શકે પરંતુ થયેલી કાર્યવાહી અંગે ઉપલબ્ધ માહિતી માંગી શકે છે તેવું રાજય માહિતી આયોગના અપીલ નં.૨૨/૩/–૦૯–૧૦ ચૂકાદામાં પણ અરજદારને જણાવેલ છે. વિવાદીની માંગણી કારખાનું બંધ કરાવવા અંગેની છે. જે કાર્યવાહી કરવાની માંગણી માહિતી અધિકાર અધિનિયમના વ્યાપમાં આવતી નથી તેવું પણ અપીલ નં.૨૨/૫/૦૯–૧૦ અરજદારના આયોગના ચૂકાદામાં જણાવેલ છે. આમ અરજદારે તેમને કમિ.શ્રીને તા.૧૧–૩–૧૧ ના રોજ કરેલી અરજી સંદર્ભે તા.૬–૮–૧૧ ના રોજ માહિતી માંગતી અરજીથી સદર અરજી અંગે પોલ્યુશન કંટ્રોલ બોર્ડનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે અને તે અંગે પાઠવેલ પત્રની નકલ સહ થયેલ કાર્યવાહીની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૮–૧૧ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,